# સુરત મહાનગરપાલિકા
# હાઈડ્રોલિક વિભાગ

## પ્રેસનોટ

**સાઉથ(ઉધના) ઝોન-એ ના વિસ્તારોમાં તા.૨૯/૦૬/૨૦૨૪ ના રોજ પાણી પુરવઠો આપી શકાય તેમ નથી તેમજ તા.૩૦/૦૬/૨૦૨૪ ના રોજ સવારે પાણી પુરવઠો અશત: અવરોધાય/ ઓછા પ્રેશરથી/ નહીંવત મળવા અંગેની અગત્યની જાહેરાત**

સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ ધ્વારા સાઉથ(ઉધના) ઝોન-એ માં આવેલ વડોદ જળવિતરણ મથક ખાતેની ESR8 વડોદની ૬૦૦ મીમી વ્યાસની મુખ્ય ડીઆઇસીએલ નળીકાને વડોદ-અલથાણ ૪૫.૦૦ મી તથા ૧૮.૦૦ મી ના રસ્તા પર બનાવવામાં આવેલ બોક્સ ડ્રેઇન પાસે બે અલગ-અલગ જગ્યાએ એમએસ નળીકામાં તબદિલ કરી હયાત નળીકા સાથે જોડવાની અગત્યની કામગીરી તા.૨૮/૦૬/૨૦૨૪ શુક્રવારના રોજ બપોરના ૧૨:૦૦ કલાક બાદ થી તા.૨૯/૦૬/૨૦૨૪ શનિવારના રોજ કામગીરી પૂર્ણ થઇ ત્યાં સુધી હાથ ધરવામાં આવનાર હોવાથી તા.૨૯/૦૬/૨૦૨૪ શનિવારના રોજ સાઉથ(ઉધના) ઝોન-એ માં આવેલ વડોદ જળવિતરણ મથક ખાતેની ESR8 વડોદ ધ્વારા અપાતો સવારનો બમરોલી તથા વડોદ વિસ્તારનો નિયમિત પાણી પુરવઠો નીચે દર્શાવેલ વિસ્તારોમાં નિયમિત આપી શકાય તેમ નથી.

**ઝોન મુજબ પાણી પુરવઠાને અસર થનાર વિસ્તારોની વિગત નીચે મુજબ છે.**

| અ.નં. | ઝોનનું નામ | નીચે દર્શાવેલ વિસ્તારોમાં તા.૨૯/૦૬/૨૦૨૪ ના રોજ પાણી પુરવઠો આપી શકાય તેમ નથી. |
|---|---|---|
| ૧ | સાઉથ ઝોન (ઉધના-એ) | વડોદ જળ વિતરણ મથક :-<br>**ESR SE-8 :-** સવારનો સપ્લાય :- બમરોલી સુખી નગર, જય કૃષ્ણ નગર, લક્ષ્મી નગર બમરોલી વિસ્તારની ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીઓ, જયઅંબે સોસાયટી, અમિધરા સોસાયટી, તૃપ્તિ નગર, સ્લોક કોમ્પ્લેક્સ, આષ્થા કોમ્લેક્સ, ઓમ કોમ્પ્લેક્સ, અને વડોદ વિસ્તારમાં પાયોનીર ડ્રીમ્સ, ઓમ ઇન્ડસ્ટ્રીયલ સોસાયટી, ઉમિયા ઇન્ડસ્ટ્રીયલ સોસાયટી, ગણેશ નગર અને સદર સોસાયટીઓ નો આજુબાજુનો વિસ્તાર. |

વધુમાં, બાદના દિવસે સદર ઉપરોક્ત જણાવેલ વિસ્તારનો સવારે અપાતો પાણી પુરવઠો અંશત: અવરોધાય/ ઓછા પ્રેશરથી/ નહીંવત મળવાની શકયતા રહેલ છે. જે બાબતની જાહેર જનતાએ તકેદારી પૂર્વક નોંધ લઇ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી મેળવી સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.96,
તા.27/06/2024